RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક
E mail - prdpraval@yahoo.co.uk
*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)
* Volume : 8 * Issue No. 335* Date: 02.10.2022, Sunday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# આખરે ભારતમાં ૫જી ઈન્ટરનેટ સેવા લોન્ચ થઈ

- **ભારત હવે એવા દેશોમાં સામેલ થઈ ગયું છે જ્યાં લેટેસ્ટ જનરેશનની ટેલિકોમ સર્વિસિસ મળશે**
- **નવું ભારત, ટેક્નોલોજીનો ફક્ત ગ્રાહક બનીને નહીં રહે, પરંતુ ભારત તે ટેક્નોલોજીના વિકાસમાં, તેના અમલીકરણમાં સક્રિય ભૂમિકા ભજવશેઃ વડાપ્રધાન**

નવીદિલ્હી,તા.૧

લાંબા ઈન્તેજાર બાદ આખરે ભારતમાં ૫જી ઈન્ટરનેટ સેવા લોન્ચ થઈ ગઈ. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ઈન્ડિયન મોબાઈલ કોંગ્રેસ ૨૦૨૨ની શરૂઆત કરવાની સાથે સાથે દેશમાં ૫જી સેવા પણ લોન્ચ કરી. આ લોન્ચિંગ બાદ ભારત હવે એવા દેશોમાં સામેલ થઈ ગયું છે જ્યાં લેટેસ્ટ જનરેશનની ટેલિકોમ સર્વિસિસ મળશે. ઈન્ડિયન મોબાઈલ કોંગ્રેસની શરૂઆત આજથી એટલે કે ૫હેલી ઓક્ટોબરથી દિલ્હીના પ્રગતિ મેદાનથી થઈ છે. આ કાર્યક્રમ ૪ ઓક્ટોબર સુધી ચાલશે. આ અવસરે પીએમ મોદીએ કહ્યું કે આજે દેશ તરફથી, દેશની ટેલિકોમ ઈન્ડસ્ટ્રી તરફથી, ૧૩૦ કરોડ ભારતવાસીઓને ૫જી રૂપે એક શાનદાર ભેટ મળવા જઈ રહી છે. ૫જી દશના દ્વાર પર એક નવા યુગની દસ્તક છે. ૫જી એ અવસરોની અનંત આકાશની શરૂઆત છે. હું પ્રત્યેક ભારતવાસીઓને આ માટે ખુબ ખુબ શુભેચ્છાઓ પાઠવું છું. તેમણે કહ્યું કે આજે ૨૧મી સદીના વિકસિત થતા ભારતના સામર્થ્યનો, તે સામર્થ્યને જોવાનો એક વિશેષ દિવસ છે. આઝાદીના અમૃત મહોત્સવના આ ઐતિહાસિક કાલખંડમાં એક ઓક્ટોબર ૨૦૨૨ની આ તારીખ ઈતિહાસમાં નોંધાવવાની છે.

પીએમ મોદીએ કહ્યું કે નવું ભારત, ટેક્નોલોજીનો ફક્ત ગ્રાહક બનીને નહીં રહે, પરંતુ ભારત તે ટેક્નોલોજીના વિકાસમાં, તેના અમલીકરણમાં સક્રિય ભૂમિકા ભજવશે. ભવિષ્યની વાયરલેસ ટેક્નોલોજીને ડિઝાઈન કરવામાં, તે સંલગ્ન મેન્યુફેક્ચરિંગમાં ભારતની મોટી ભૂમિકા હશે. તેમણે વધુમાં કહ્યું કે ૨જી, ૩જી, ૪જી ના સમયે ભારત ટેક્નોલોજી માટે બીજા દેશો પર નિર્ભર રહ્યું હતું. પરંતુ ૫જી સાથે ભારતે નવો ઈતિહાસ રચ્યો છે.

પ્રધાનમંત્રીએ આ અવસરે કહ્યું કે ૫જીની સાથે ભારત પહેલીવાર ટેલિકોમ ટેક્નોલોજીમાં ગ્લોબલ સ્ટાન્ડર્ડ નિર્ધારિત કરી રહ્યું છે. ભારત લીડ કરી રહ્યું છે. આજે ઈન્ટરનેટનો ઉપયોગ કરનારા દરેક વ્યક્તિ એ વાતને સમજી રહ્યા છે કે ૫જી એ ઈન્ટરનેટનું સમગ્ર આર્કિટેક્ચર બદલીને રાખી દેશે. ડિજિટલ ઈન્ડિયાની વાત કરીએ તો કેટલાક લોકો સમજે છે કે તે ફક્ત એક સરકારી યોજના છે. પરંતુ ડિજિટલ ઈન્ડિયા ફક્ત એક નામ નથી, તે દેશના વિકાસનું ખુબ મોટું વિઝન છે. આ વિઝનનું લક્ષ્ય છે તે ટેક્નોલોજીનું સામાન્ય લોકો સુધી પહોંચવું, જે લોકો માટે કામ કરે, લોકો સાથે જોડાઈને કામ કરે.

પીએમ મોદીએ કહ્યું કે અમે ચાર પીલર પર ફોકસ કરી રહ્યા છીએ, ૧ કોસ્ટ ઓફ ડિવાઈસ, ૨ ડિજિટલ કનેક્ટિવીટ, ૩ પ્રાઈઝ ઓફ ડેટા અને ૪ આઈડિયા ઓફ ડિજિટલ ફર્સ્ટ. તેમણે કહ્યું કે ૨૦૧૪માં ઝીરો મોબાઈલ ફોન નિકાસ કરવાથી લઈને આજે આપણે હજારો કરોડના મોબાઈલ ફોનની નિકાસ કરનારો દેશ બની ચૂક્યા છીએ. સ્વાભાવિક છે કે આ તમામ પ્રયત્નોનો પ્રભાવ ડિવાઈસની કિંમત પર પડ્યો છે. હવે ઓછી કિંમતે આપણને વધુ ફીચર્સ મળવા લાગ્યા છે.

વધુમાં કહ્યું કે જે રીતે સરકારે ઘરે ઘરે વીજળી પહોંચાડવાની મુહિમ શરૂ કરી, જે રીતે દરેક ઘર જળ અભિયાન હેઠળ દરેકને સ્વચ્છ પાણી પહોંચાડવાના મિશન પર કામ કર્યું, જે રીતે ઉજ્જવલા યોજના દ્વારા ગરીબમાં ગરીબ વ્યક્તિના ઘરે ગેસ સિલિન્ડર પહોંચાડ્યું એ જ રીતે અમારી સરકાર ઈન્ટરનેટ ફોર ઓલના લક્ષ્યાંક પર કામ કરી રહી છે.




એક સમય હતો કે જ્યારે એલીટ ક્લાસના મુઠ્ઠી ભર લોકો ગરીબ લોકોની ક્ષમતા પર શંકા કરતા હતા. તેમને શક હતો કે ગરીબ લોકો ડિજિટલનો અર્થ પણ સમજી શકશે નહીં. પરંતુ મને દેશના સામાન્ય માણસની સમજ, તેમના વિવેક, તેમના જિજ્ઞાસુ મન પર હંમેશા ભરોસો રહ્યો છે.

પીએમ મોદીએ કહ્યું કે સરકારે આગળ વધીને ડિજિટલ પેમેન્ટનો રસ્તો પણ સરળ બનાવ્યો છે. સરકારે પોતે એપ દ્વારા ખેડૂતો હોય, કે નાના દુકાનદારોની, અમે તેમને એપ દ્વારા રોજની જરૂરિયાતો પૂરી કરવાનો રસ્તો આપ્યો. આપણા દેશની જે તાકાત છે, તે તાકાતને આપણે નજરઅંદાજ કરી શકીએ નહીં.

## બિહારમાં ભાઈએ ત્રણ ગોળી મારી બહેનની હત્યા કરી દીધી,બેન કોઈના પ્રેમમાં હતી

પટણા,તા.૧

નવાદા જિલ્લામાં એક યુવતીને પ્રેમની કિંમત પોતાના જીવથી ચૂકવવી પડી હતી. પ્રેમ લગ્નના ૪ વર્ષ બાદ તેના ભાઈએ તેની બહેનની ગોળી મારીને હત્યા કરી હતી. શુક્રવારે રાત્રે તે બજારમાંથી પરત ફરી રહી હતી. તે જ સમયે તેના ભાઈએ તેની ગોળી મારીને હત્યા કરી હતી. પોલીસે મૃતદેહનો કબજો મેળવીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે.

મામલો બિહારના નવાદા જિલ્લાના અકબરપુર પોલીસ સ્ટેશન વિસ્તારના નેમદારગંજ વિસ્તારનો છે. શુક્રવારે રાત્રે અહીં ચાંદની કુમારી નામની મહિલાની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. તે ચેન્નાઈના ચાર દિવસ પહેલા દુર્ગા પૂજાનો મેળો જોવા માટે તેના સાસરે નેમદારગંજ પહોંચી હતી. એવું કહેવામાં આવી રહ્યું છે કે ચાંદનીની હત્યા તેના સાચા ભાઈ કુંદન દ્વારા કરવામાં આવી હતી. હત્યા બાદ આરોપી કુંદન ચૌધરી ફરાર થઈ ગયો હતો. ઘટના બાદ સ્થાનિક લોકોએ પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચી લાશનો કબજો મેળવીને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી હતી.

સ્થાનિક અહેવાલો અનુસાર, નેમદારગંજ ગામની ચાંદની કુમારીએ બાજુના ગામના રહેવાસી વિપિન કુમાર સાથે ૪ વર્ષ પહેલા ૨૦૧૮માં પ્રેમ લગ્ન કર્યા હતા. લગ્ન બાદ બંને ગામ છોડીને ચેન્નાઈ ભાગી ગયા હતા. ચાંદનીનો ભાઈ આ લગ્નથી ઘણો નારાજ હતો અને ૪ વર્ષથી બંનેની રાહ જોઈ રહ્યો હતો. તેના ભાઈ કુંદને પણ તેને જોતા જ ગોળી મારી દેવાની ધમકી આપી હતી.

સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, કોરોના વાયરસ ફાટી નીકળ્યો ત્યારે દેશમાં લોકડાઉન દરમિયાન પણ ચાંદની અને તેનો પતિ વિપિન બંને ૬ મહિનાથી ગામમાં પહોંચ્યા હતા, તે સમયે ચાંદનીના ભાઈએ રેસી કરી હતી પરંતુ ઉચ્ચ પોલીસના કારણે રસ્તા પર બળજબરીથી, તેને તક મળી નથી. અહીં ચાંદની તેના બાળક સાથે એકલી ગામમાં આવી હતી.

## અમિતાભ બચ્ચનનો ૮૦મો જન્મદિવસ હશે સૌથી ખાસ, ૧૭ શહેરોમાં બતાવાશે બીગ બીની ૧૧ બ્લોકબસ્ટર ફિલ્મો

મુંબઈ,તા.૧

બોલિવૂડના શહેનશાહ ૧૧ ઓક્ટોબરે પોતાનો ૮૦મો જન્મદિવસ ઉજવવા જઈ રહ્યા છે. આ ખાસ અવસર પર ફિલ્મ હેરિટેજ ફાઉન્ડેશને તેને ખાસ ભેટ આપવાનું આયોજન કર્યું છે. અમિતાભ બચ્ચન આ વર્ષે તેમનો ૮૦મો જન્મદિવસ ઉજવવા જઈ રહ્યા છે જે તેમના ચાહકો માટે પણ ખાસ હશે કારણ કે બિગ બીના જન્મદિવસ પર તેમની ૧૧ બ્લોકબસ્ટર ફિલ્મો ઘણા શહેરોમાં બતાવવામાં આવશે.

બોલિવૂડના શહેનશાહ ૧૧ ઓક્ટોબરે પોતાનો ૮૦મો જન્મદિવસ ઉજવવા જઈ રહ્યા છે. આ ખાસ અવસર પર ફિલ્મ હેરિટેજ ફાઉન્ડેશને તેને ખાસ ભેટ આપવાનું આયોજન કર્યું છે. બિગ બીના જન્મદિવસે ૧૧ બ્લોકબસ્ટર ફિલ્મો જોવા મળશે, જેના કારણે આજે હિન્દી ફિલ્મ ઈન્ડસ્ટ્રી પર અમિતાભ બચ્ચનનું રાજ છે. અમિતાભ બચ્ચનના જન્મદિવસ પર આયોજિત આ ફિલ્મ ફેસ્ટિવલનું નામ 'બચ્ચન બેક ટુ ધ બિગનિંગ' રાખવામાં આવ્યું છે. બિગ બીના ૮૦મા જન્મદિવસની ઉજવણી કરવા માટે, તેમની કારકિર્દી-ઐતિહાસિક ફિલ્મો દેશના ૧૭ શહેરોમાં ૨૨ સિનેમાઘરોમાં પ્રદર્શિત કરવામાં આવશે, જેમાં ૩૦ સ્ક્રીન પર ૧૭૨ શો પ્રદર્શિત થશે.

## દશેરા રેલીની સામસામી જોરદાર તૈયારી! ઉદ્ધવ ઠાકરેને કૉંગ્રેસ-એનસીપીનો સાથ મળી રહ્યો છે

મુંબઈ,તા.૧

મહારાષ્ટ્રમાં સ્વ. બાળ ઠાકરેના નામ સાથે સંકળાયેલી દશેરા રેલીને લઈને ફક્ત મુંબઈ જ નહીં આખા રાજ્યમાં વાતાવરણમાં તંગદિલી જોવા મળે છે. શિવસેનાના ભાગલા બાદની પહેલી દશેરા રેલીમાં મૂળ શિવસેના હોવાનો દાવો કરી રહેલા બંને જૂથો રેલીને સફળ કરવા માટે પૂરી તાકાત લગાવી રહ્યા છે, એટલું જ નહીં સાથી પક્ષો પાસેથી પણ મદદ માગવામાં આવી રહી છે. શુક્રવારે બંને જૂથો દ્વારા દશેરા રેલીનું ટીઝર રિલીઝ કર્યું હતું. શિવસેનાએ પોતાના ટિઝરમાં સ્વ. બાળ ઠાકરેના વારસાને જાળવવાની વાત કરવામાં આવી છે, જ્યારે બીજી તરફ એકનાથ શિંદેના ટિઝરમાં બાળ ઠાકરેના વિચારોને શિવસૈનિકો સુધી પહોંચાડવાની વાત કરવામાં આવી છે.





શિંદે જૂથ દ્વારા આખા રાજ્યમાંથી ચાર હજારથી વધુ બસમાં શિવસૈનિકો બોલાવવાની વાત કરવામાં આવી છે ત્યારે શિવસેનાએ હજી સુધી આવી કોઈ જાહેરાત કરી નથી, પરંતુ શિવસેના દ્વારા કેટલીક ટ્રેનોમાં કાર્યકર્તા માટે બૂકિંગ કરવામાં આવ્યું હોવાનું અને ૨૫૦ બસની વ્યવસ્થા કરવામાં આવી હોવાનું સાંભળવામાં આવ્યું છે.શિવસેનાના બે જૂથોની અલગ અલગ રેલી થઈ રહી છે ત્યારે બંને જૂથ પોતાની રેલી મોટી (વિશાળ) હોવાનું દેખાડવાનો પ્રયાસ કરશે. શિંદે જૂથના પ્રવક્તા કિરણ પાવસકરે જણાવ્યું હતું કે શિવાજી પાર્કમાં ૪૦,૦૦૦ ખુરશી લાગી શકે છે અને બીકેસીમાં જે ગ્રાઉન્ડ પર અમારી સભા થવાની છે ત્યાં ૧,૦૦,૦૦૦ ખુરશીઓ લાગી શકે છે. હવે તમે જ નક્કી કરો કે કોની સભા મોટી થવાની છે. તેમણે એમ પણ કહ્યું હતું કે અમે ૪,૦૦૦થી વધુ બસની વ્યવસ્થા કરી છે અને એકનાથ શિંદે દ્વારા આયોજિત રેલી મુંબઈના ઈતિહાસમાં સૌથી મોટી રેલી બની રહેશે એવો અમારો વિશ્ર્વાસ છે. આટલી મોટી સંખ્યામાં આવનારી બસને કારણે રસ્તા જામ થઈ જશે એવી આશંકા વ્યક્ત કરવામાં આવતાં તેમણે કહ્યું હતું કે બાંદ્રા વિસ્તારમાં ઉપલબ્ધ દરેક પે-એન્ડ-પાર્ક એક દિવસ માટે બૂક કરી લેવામાં આવ્યા છે અને બધી બસો તેમાં જ ઊભી રાખવામાં આવશે. આમ છતાં કેટલીક બસો રસ્તા પર જોવા મળી શકે છે.બીજી તરફ શિવસેના અત્યારે પાર્ટીમાં પડેલા ભંગાણ અને તેને પગલે ઉદ્ધવ ઠાકરેને મળી રહેલી સહાનુભૂતિના જોરે દશેરા રેલીને સુપરહિટ કરવાના પ્રયાસ કરી રહી છે. રેલીને સફળ કરવા માટે કૉંગ્રેસ-એનસીપીની પણ મદદ લેવામાં આવી રહી છે. કૉંગ્રેસે દશેરા રેલી માટે પોતાના કાર્યકર્તા મોકલવાની સહમતિ દર્શાવી હોવાનું આધારભૂત સાધનો પાસેથી જાણવા મળ્યું છે, જ્યારે શિવસેનાના નેતાઓ એવો આરોપ લગાવી રહ્યા છે કે એકનાથ શિંદેની રેલીમાં ભાજપના કાર્યકર્તાઓને મોકલવાની તૈયારી કરવામાં આવી છે.શિવસેનાના અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેએ રાહુલ ગાંધીની ભારત જોડો યાત્રામાં સામેલ થવાનું એલાન કર્યું છે. રાજકીય નિરીક્ષકોનું માનવું છે કે દશેરા રેલીને સફળ કરવા માટે શિવસેનાએ આ બલિદાન આપ્યું છે. વાસ્તવમાં તેમણે કૉંગ્રેસ અને એનસીપી (મહાવિકાસ આઘાડી સરકારમાં પોતાના સાથી પક્ષો)ને રેલીને સફળ કરવા માટે સાથ આપવાની વિનંતી કરી હતી અને ત્યારે કૉંગ્રેસ તરફથી ભારત જોડો યાત્રામાં સહભાગી થવાની શરત રાખવામાં આવી હતી અને તેથી જ સૈદ્ધાંતિક રીતે ભારત જોડો યાત્રા સાથે શિવસેના સહમત ન હોવા છતાં તેમણે આ યાત્રામાં જોડાવું પડશે.એકનાથ શિંદેની બાંદ્રા-કુર્લા કોમ્પલેક્સમાં આયોજિત રેલી માટે પૂર્વ વિદર્ભમાંથી જ ૪૦ થી ૫૦,૦૦૦ લોકો આવશે એવો દાવો સ્થાનિક વિધાનસભ્ય દ્વારા કરવામાં આવ્યો છે. વાસ્તવમાં વિદર્ભમાં શિવસેનાની સાથે જ ભાજપનો ઘણો મોટો દબદબો છે અને રેલીને સફળ કરવા માટે ભાજપે પણ તાકાત લગાવી હોવાથી રેલીમાં વિદર્ભના લોકોની હાજરી વધુ જોવા મળશે. શિવસેનામાં ભાગલા પછીની પહેલી રેલીમાં એકનાથ શિંદે સ્વ. બાળ ઠાકરેના ૨૦૧૨ નિધન બાદ પાર્ટીની વિચારધારામાં જે ફેરફાર થયા અને અત્યારે ૨૦૨૨માં જે કારણોસર શિંદેએ અલગ થવું પડ્યું તે બધી વાતો દશેરા રેલીમાં કરશે એવું આધારભૂત સાધનો પાસેથી જાણવા મળ્યું હતું. હિંદુત્વની વિચારધારા બાળ ઠાકરેની હતી અને તે જ વિચારધારા પર હવે અમે ચાલી રહ્યા છીએ એમ પણ તેમણે જણાવ્યું હતું.મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન એકનાથ શિંદે દશેરા રેલીને સંબોધવાના છે અને તેને માટે મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ મુંબઈ આવવાના છે, પરંતુ આ બધા કાર્યકર્તા મુંબઈ આવવા પહેલાં જીજામાતાના દર્શન કરવા જશે. સિંદખેડરાજામાં જીજામાતાનો જન્મ થયો હતો અને ત્યાં તેમનું મંદિર છે અહીં પગે પડીને બધા મુંબઈ તરફ આવશે.

## કેદારનાથ મંદિર પાસે ભૂસ્ખલન,મંદિરને કોઈ નુકસાન નહીં, ૯ દિવસમાં બીજી વખત ઘટના,

### લોકોને ૨૦૧૩ની દુર્ઘટના યાદ આવી,આભ ફાટતાં ૪૧૯૦ લોકોનાં મોત થયાં હતાં

કેદારનાથ,તા.૧

કેદારનાથ મંદિર પાસે ફરી એક વખત ભૂસ્ખલન થયું છે, પરંતુ કેટલું દૂર થયું છે એની કોઈ માહિતી મળી નથી. શ્રી બદ્રીનાથ-કેદારનાથ મંદિર કમિટીના અધ્યક્ષ અજેન્દ્ર અજયે જણાવ્યું હતું કે આનાથી કેદારનાથ મંદિરને કોઈ નુકસાન નથી થયું. આ પહેલાં ૨૩ સપ્ટેમ્બરે મંદિરથી લગભગ ૫ કિમી પાછળ બનેલા ચૌરાબારી ગ્લેશિયરમાં ભૂસ્ખલન થયું હતું. એનો વીડિયો સામે આવ્યો હતો. રુદ્રપ્રયાગના ડિઝાસ્ટર મેનેજમેન્ટ અધિકારીએ જણાવ્યું હતું કે એ નાનું ભૂસ્ખલન હતું. એનાથી નુકસાનની કોઈ સૂચના મળી નથી.

કેદારનાથ મંદિરથી લગભગ ૫ કિમી પાછળ ચૌરાબારી ગ્લેશિયરમાં ભૂસ્ખલન થયું, જેનો વીડિયો સામે આવ્યો છે. રુદ્રપ્રયાગના ડિઝાસ્ટર મેનેજમેન્ટ અધિકારીએ જણાવ્યું હતું કે એ નાનું ભૂસ્ખલન હતું. એનાથી નુકસાનની કોઈ સૂચના મળી નથી. વીડિયો યાત્રાળુઓએ રેકોર્ડ કર્યો હતો. આ જોઈને લોકોને ૧૦ વર્ષ પહેલાં કેદારનાથમાં થયેલા વિનાશનું દૃશ્ય યાદ આવી ગયું.૨૦૧૩માં કેદારનાથમાં આભ ફાટતાં અચાનક પૂર આવ્યું હતું. આ પૂરથી ઉત્તરાખંડમાં ૪૧૯૦ લોકોનાં મોત થયાં હતાં. આ દુર્ઘટનાનું કારણ કેદારનાથ મંદિરથી થોડાક કિલોમીટર પર બનેલું ચૌરાબારી તળાવ હતું. તળાવમાં ૧૬ જૂન ૨૦૧૩ની રાત્રે ગ્લેશિયરમાંથી ભૂસ્ખલન થયું. એનું પાણી તબાહી મચાવતાં નીચે ઊતર્યું અને હજારો લોકોનાં મોત થઈ ગયાં. પૂર આવતાં કેદારનાથમાં લગભગ ૩ લાખ શ્રદ્ધાળુ ફસાઈ ગયા હતા, જે લોકોને આર્મી, એરફોર્સ અને નેવીના જવાનોએ રેસ્ક્યૂ કરી બચાવી લીધા. જોકે એ પછી પણ ૪ હજારથી વધુ લોકો ગુમ થયા હતા.

આ વર્ષે લગભગ ૧૦ લાખ લોકોથી વધુ યાત્રાળુઓ ચારધામની યાત્રા કરી ચૂક્યા છે, પરંતુ આ સંખ્યાની કેટલીક આડઅસર પણ છે, જેમ કે કચરો, ખાસ કરીને પ્લાસ્ટિકની થેલીઓ અને રેપર, જે પર્યાવરણ માટે જોખમી છે. એનાથી વૈજ્ઞાનિકો અને પર્યાવરણ નિષ્ણાતોની ચિંતા વધી ગઈ છે. કેદારનાથ ખીણની દુર્ઘટના પછી વાડિયા ઈન્સ્ટિટ્યૂટ ઑફ હિમાલયન જીઓલોજીએ ઉત્તરાખંડના તમામ ગ્લેશિયર્સ અને નજીકનાં તળાવોમાં સેન્સર રેકોર્ડર ઈન્સ્ટોલ કરવાનું શરૂ કર્યું છે. ૩૨૯ તળાવમાં ૭૦% કામ પૂર્ણ થઈ ચૂક્યું છે. સંસ્થાના દિર્ગદર્શક ડો.કલાચંદ જણાવે છે કે સેન્સર લગાવવાથી એ ફાયદો થશે કે તળાવનો જળસ્તર વધશે, આભ ફાટશે અથવા ભૂસ્ખલન થશે, કંટ્રોલ રૂમને સિગ્નલ મળી જશે. પછી વૈજ્ઞાનિકો તરત જ તળાવને 'પંચર' કરવાની પ્રક્રિયા શરૂ કરશે. સમગ્ર હિમાલય ક્ષેત્રમાં ૧૫ હજાર ગ્લેશિયર્સ અને ૯ હજાર સરોવર છે.

## મુંબઈના કાંદિવલીમાં ધડાધડ ચાર રાઉન્ડ ફાયરિંગ; એક વ્યક્તિનું મોત, ત્રણ ઈજાગ્રસ્ત

મુંબઈ,તા.૧

દેશની આર્થિક રાજધાની મુંબઈમાં અચાનક ફાયરિંગની ઘટના બની છે. ફાયરિંગની ઘટનામાં એક વ્યક્તિનું મોત થયું છે, જ્યારે ત્રણ લોકો ઘાયલ થયા છે. મળતી માહિતી પ્રમાણે, શુક્રવારે રાતે સવા ૧૨ વાગ્યા આસપાસ અંગત અદાવતમાં ફાયરિંગની ઘટના બની હતી. ત્યારે મુંબઈના કાંદિવલીમાં બાઈક પર બેસીને બે યુવક આવ્યા હતા અને અચાનક ધડાધડ ફાયરિંગ કરવા લાગ્યા હતા.

મળતી માહિતી પ્રમાણે, કાંદિવલીમાં અચાનક કરવામાં આવેલી ફાયરિંગને કારણે ૪ લોકોના મોત નીપજ્યા છે. તેમાંથી એક વ્યક્તિનું મોત નીપજ્યું છે. હાલ પોલીસ આ મામલે તપાસ કરી રહી છે.

પોલીસે ફાયરિંગની ઘટનાને અંગત વિવાદ જણાવી રહી છે. પોલીસના જણાવ્યા પ્રમાણે, જૂની અદાવતમાં આ ઘટના બની હતી. ફાયરિંગમાં જે શખ્સનું મોત થયું છે તેનું નામ અંકિત યાદવ છે. કહેવાય રહ્યુ છે કે, ગોળી મારનારા લોકો અને પીડિત શખ્સ પહેલેથી જ એકબીજાને જાણે છે. પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યુ હતુ કે, આરોપીઓએ ધડાધડ ચાર રાઉન્ડ ફાયરિંગ કર્યા હતા.

મુંબઈ પોલીસના ડીસીપી વિશાલ ઠાકુરના જણાવ્યા પ્રમાણે, બે છોકરા બાઈક પર બેસીને આવ્યા અને કાંદિવલીમાં ફાયરિંગ કર્યુ હતુ. બાઈક પર સવાર થઈને આવેલા યુવકો ફાયરિંગ કર્યા પછી ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયા હતા. ફાયરિંગની ઘટના પાછળનું કારણ શું છે તે અંગે તપાસ કરવામાં આવી રહી છે. હાલ ત્રણ ઈજાગ્રસ્તોને હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.

## તંત્રી સ્થાનેથી...

# મહિલાઓનો અધિકાર



સુપ્રીમ કોર્ટે પોતાના શરીર પર મહિલાઓના અધિકારને ફરી એક વખત પુષ્ટ કર્યો, તો તે સ્વાગતયોગ્ય છે. ન્યાયમૂર્તિ ડી.વાય. ચંદ્રચૂડની અધ્યક્ષતાવાળી પીઠે સ્પષ્ટ ચુકાદો આપ્યો કે કોઈપણ મહિલા, વિવાહિત કે અવિવાહિત હોય, તેને ૨૪ અઠવાડિયા સુધી કોઈ મંજૂરી વિના ગર્ભપાત કરાવવાનો અધિકાર છે. તેની સાથે જ અદાલતે એ પણ સ્પષ્ટ કર્યું કે કોઈ વિવાહિત મહિલાને જબરદસ્તી ગર્ભવતી કરવી 'મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નન્સી એક્ટ' અંતર્ગત બળાત્કાર માની શકાય છે. ગુરુવારે આવેલ આ ચુકાદાથી મહિલા સશક્તીકરણને બહુ બળ મળશે. મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નન્સી એક્ટ અંતર્ગત ગર્ભપાતના નિયમ સ્પષ્ટ રૂપે વર્ણિત છે, એને જ અનુરૂપ સર્વોચ્ચ અદાલતે ચુકાદો આપ્યો છે. એ દુઃખદ તથ્ય છે કે દેશમાં હજુ પણ મહિલાઓ સાથે જોડાયેલા મોટાભાગના નિર્ણયો પુરુષ જ કરે છે. મહિલાઓને પોતાના શરીર સાથે જોડાયેલા મુદ્દાઓ પર પણ પુરુષોની મંજૂરી લેવી પડે છે, જ્યારે સર્વોચ્ચ ન્યાયાલય પહેલાં જ મહિલાઓના આ અધિકાર પર પ્રકાશ પાડી ચૂક્યું છે.

ધ્યાન રહે કે આ અધિકાર સુધી પહોંચવામાં મહિલાઓને લાંબો સમય લાગ્યો છે. પોતાના આ અધિકાર પ્રત્યે તમામ મહિલાઓએ જાગૃત રહેવું જોઈએ. પુરુષોને પણ ખબર હોવી જોઈએ કે તેમનું અધિકાર ક્ષેત્ર ક્યાં ખતમ થાય છે. આવા ચુકાદાથી પ્રેરણા મળવી જોઈએ અને મહિલાઓ સાથે કોઈપણ પ્રકારની સતામણીનો અંત થવો જોઈએ. ન્યાયમૂર્તિ ચંદ્રચૂડે એમ પણ કહ્યું કે વિવાહિત મહિલાઓ પણ બળાત્કાર પીડિત હોઈ શકે છે. બળાત્કારનો અર્થ છે, સહમતિ વિના સંબંધ બનાવવો. જો એવું થાય તો વૈવાહિક સંબંધમાં પણ તેને દુષ્કર્મ જ માનવામાં આવશે. મહિલાની સહમતિ સૌથી જરૂરી છે. હાલના નિયમો અનુસાર છૂટાછેડા પામેલ, વિધવા મહિલાઓ ૨૦ સપ્તાહ બાદ ગર્ભપાત નથી કરાવી શકતી, પરંતુ અન્ય તમામ મહિલાઓ માટે ૨૪ સપ્તાહ સુધી ગર્ભપાતની અનુમતિની જોગવાઈ છે. અદાલતનો આ ચુકાદો ૨૫ વર્ષની ગર્ભવતી એકલી યુવતીની અરજી પર આવ્યો છે. આ યુવતીને હાઈકોર્ટમાંથી રાહત નહોતી મળી, પરંતુ સુપ્રીમમાં ન્યાયની સાથે જ નિયમોને નવી વ્યાખ્યા પણ મળી છે. શીર્ષ અદાલતે સ્પષ્ટ કરી દીધું કે કોઈ મહિલાનો આ અધિકાર છીનવવો તેની ગરિમાને કચડવા જેવું કામ છે. ગર્ભપાત અને મહિલાઓના અધિકાર મામલે ભારત સામાન્ય રૂપે દુનિયા કરતાં બહુ આગળ છે. અનેક દેશો હજુ પણ ગર્ભપાતને મંજૂરી નથી આપતા. ગર્ભપાતને મંજૂરી આપનારા દેશોની સંખ્યા ૧૦૦ પણ નથી. કેટલાક દેશો બળાત્કાર, અનાચાર કે ભ્રૂણ અસામાન્યતાની સ્થિતિમાં જ ગર્ભપાતને મંજૂરી આપે છે. અમેરિકામાં પણ ગર્ભપાતના અધિકારને લઈને વિવાદ ચાલતો રહે છે અને ત્યાં રાજ્યોના કાયદા અલગ-અલગ છે. આ મોરચે ભારતના કાયદા ઘણા સબળ છે, પરંતુ અહીં સમાજમાં લોકોની માનસિકતા બદલવામાં સમય લાગશે. મહિલાઓની સુરક્ષાનો દારો વધવો જોઈએ અને એ ત્યારે જ વધશે, જ્યારે તેમને વાસ્તવિક રૂપે અધિકાર આપવામાં આવશે.

# જીવાત્માની વિવિધ ગતિઓ



શ્રીમદ્ ભગવદ્ ગીતામાં જીવની મુખ્યરૂપથી ત્રણ ગતિઓનું વર્ણન કર્યું છેઃ ઉધ્વગતિ,અધોગતિ અને મધ્યગતિ. જયારે સત્વગુણ વધ્યો હોય તે વખતે જો દેહધારી મનુષ્ય મૃત્યુ પામે તો તે ઉત્તમ કર્મ કરનારાઓના નિર્મળ સ્વર્ગ વગેરે ઉચ્ચ લોકોમાં (ઉધ્વગતિ)માં જાય છે.રજોગુણ વધ્યો હોય તે વખતે જો દેહધારી મનુષ્ય મૃત્યુ પામે તો તે પ્રાણી કર્મસંગી મનુષ્યયોનિમાં જન્મ લે છે તથા તમોગુણ વધ્યો હોય તે વખતે જો દેહધારી મનુષ્ય મૃત્યુ પામે તો તે પ્રાણી મૂઢયોનિઓમાં જન્મ લે છે.

ઉધ્વગતિમાં બે પ્રકારના જીવ જાય છેઃપાછા ન આવનારા..શુકલ માર્ગથી બ્રહ્માજીના લોકમાં જાય છે તે ત્યાં રહી મહાપ્રલય વખતે બ્રહ્માજીની સાથે જ ભગવાનમાં લીન થઈ જાય છે એટલે કે મુક્ત થઈ જાય છે.બ્રહ્માજીનું આયુષ્ય પુરૂં થવાથી જયારે મહાપ્રલય કાળ ઉપસ્થિત થાય છે ત્યારે તે સંપૂર્ણ શુધ્ધ અંતઃકરણવાળા મનુષ્ય બ્રહ્માજીની સાથે જ પરમપદમાં પ્રવિષ્ટ થઈ જાય છે.(ગીતાઃ૮/૨૪)

જે તત્વજ્ઞ,જીવન્મુક્ત થઈ ગયા છે તે અહી જ તત્વમાં લીન થઈ જાય છે.તેમના પ્રાણોનું ઉત્ક્રમણ થતું નથી.શ્રીમદ ભગવદગીતા કહે છે કેઃ"જેમનું અંતઃકરણ સમભાવમાં સ્થિત છે તેમણે આ જીવંત અવસ્થામાં જ તમામ સંસારને જીતી લીધો છે એટલે કે તે જીવન્મુક્ત થઈ ગયા છે કેમકે બ્રહ્મ નિર્દોષ અને સમ છે માટે તેઓ બ્રહ્મમાં જ સ્થિત છે."(ગીતાઃ૫/૧૯)

પરમાત્મા તત્વ(સ્વરૂપ)માં સ્વાભાવિક સ્થિતિનો અનુભવ થતાં જયારે મન બુધ્ધિમાં રાગ દ્વેષ કામના વિષમતા વગેરેનો અભાવ થઈ જાય છે ત્યારે મન બુધ્ધિમાં આપમેળે સ્વાભાવિક સમતા આવી જાય છે,લાવવી પડતી નથી."જે માણસ માત્ર પરમાત્મામાં રમણ કરવાવાળો છે અને જે ફક્ત પરમાત્મામાં જ્ઞાનવાળો છે તે બ્રહ્મમાં પોતાની સ્થિતિનો અનુભવ કરવાવાળો(બ્રહ્મરૂપ બનેલો) સાંખ્યયોગી નિર્વાણ બ્રહ્મને પામે છે."(ગીતાઃ૫/૨૪)

સાધક પરમાત્મા તત્વની સાથે અભિન્ન બની જાય છે,તત્વનિષ્ઠ થઈ જાય છે,સાધક બ્રહ્મ થઈને બ્રહ્મને પ્રાપ્ત થાય છે."જેમનું શરીર મન ઈન્દ્રિયો સહિત વશ છે,જેઓ સર્વ પ્રાણીઓના હિતમાં રત છે, જેમના સઘળા સંશયો જ્ઞાન દ્વારા નિવૃત થઈ ચુક્યા છે,જેમનાં તમામ પાપ નષ્ટ થઈ ચુક્યાં છે તે વિવેકી સાધકો શાંત બ્રહ્મને પ્રાપ્ત થાય છે.(ગીતાઃ૫/૨૫) "કામ-ક્રોધથી સર્વથા રહિત,જીતેલા મનવાળા અને પોતાના સ્વરૂપનો સાક્ષાત્કાર કરી ચુકેલાઓ માટે શરીર હોય ત્યારે કે મૃત્યું પછી નિર્વાણ બ્રહ્મ પરીપૂર્ણ છે."(ગીતાઃ૫/૨૬)

જે ભગવાનના ભક્ત હોય છે તે ભગવાનના પરમધામમાં ચાલ્યા જાય છે.બ્રહ્મલોક..વગેરે જેટલા પણ લોક છે તે બધા જ પુનરાવર્તી છે એટલે કે ત્યાં ગયેલા પ્રાણીઓને પછી પાછા ફરીને જન્મ મરણના ચક્કરમાં આવવું પડે છે કેમકે તે બધા લોક પ્રકૃતિના રાજ્યમાં છે અને વિનાશી છે પરંતુ ભગવદધામ પ્રકૃતિથી પર અને અવિનાશી છે.ત્યાં ગયેલા પ્રાણીઓને ગુણોને પરવશ બનીને પાછા ફરવું પડતું નથી કે જન્મ લેવો પડતો નથી.હા, ભગવાન જેવી રીતે સ્વેચ્છાએ અવતાર લે છે,તેવી જ રીતે તેઓ ભગવાનની ઈચ્છાએ લોકોના ઉધ્ધારના માટે ના રૂપમાં આ ભૂમંડળ ઉપર આવી શકે છે.

જીવ પરમાત્મા?નો અંશ છે તે જયાંસુધી પોતાના અંશી પરમાત્માને પ્રાપ્ત કરી લેતો નથી ત્યાંસુધી તેનું આવાગમન દૂર થતું નથી જેમકે નદીઓના જળને પોતાના અંશી સમુદ્રને મળવાથી જ સ્થિરતા મળે છે તેવી જ રીતે જીવને પોતાના અંશી પરમાત્માને મળવાથી જ વાસ્તવિક અને સ્થાયી શાંતિ મળે છે. વાસ્તવમાં જીવ પરમાત્માથી અભિન્ન જ છે પરંતુ સંસારના માનેલા સંગના કારણે તેને ઉંચનીચ યોનિયોમાં જવું પડે છે.

ભગવાન દુષ્ટોનો નાશ કરવા અવતાર લે છેઃતે દુષ્ટો જયારે ભગવાનના હાથે માર્યા જાય છે ત્યારે તે ભગવાનનું જ ચિંતન કરતાં કરતાં મરે છે.ભગવાનનો એ નિયમ છે કે જે જીવ અંતકાળમાં મને યાદ કરતો શરીર છોડે છે તે નિઃસંદેહ મને જ પ્રાપ્ત થાય છે.

પાછા આવનારઃ જે સ્વર્ગ વગેરેનું સુખ ભોગવવાના ઉદેશ્યથી સકામ કર્મ કરે છે તેઓ પોતાનાં પુણ્યોના ફળ સ્વરૂપ સ્વર્ગ..વગેરે લોકોમાં જાય છે અને ત્યાં પોતપોતાનાં પુણ્યો મુજબ સુખ ભોગવે છે. પુણ્ય સમાપ્ત થતાં તે ફરી પાછા મૃત્યુલોકમાં આવી જાય છે.

જે પરમાત્મા પ્રાપ્તિના સાધનમાં લાગેલા છે પણ જેમની સાંસારિક વાસના હજુ સર્વથા મટી નથી, તેઓ અંતઃસમયમાં કોઈ વાસનાના લીધે પોતાના સાધનથી વિચલિત થઈ જાય છે ત્યારે એવા યોગભ્રષ્ટ મનુષ્ય ઘણા લાંબા સમય સુધી સ્વર્ગ..વગેરે લોકોમાં રહે છે.જયારે ત્યાંના ભોગોથી તેમને અરૂચી થાય છે ત્યારે તેઓ પાછા મૃત્યુલોકમાં આવે છે અને શુદ્ધ શ્રીમંતોના ઘરમાં જન્મ લે છે.જેમનું ધન શુધ્ધ કમાણીનું છે,જેઓ ક્યારેય પારકાના હક્કનું લેતા નથી, જેઓનાં આચરણ તથા ભાવ શુધ્ધ છે, જેઓનાં અંતઃકરણમાં ભોગોનું અને પદાર્થોનું મહત્વ તથા તેના પ્રત્યે મમતા નથી, જેઓ તમામ પદાર્થો ઘર પરિવાર વગેરેને સાધન સામગ્રી સમજે છે, જેઓ ભોગબુધ્ધિથી કોઈના ઉપર પોતાનું વ્યક્તિગત આધિપત્ય જમાવતા નથી તેઓ શુદ્ધ શ્રીમંત કહેવાય છે.

અધોગતિમાં બે પ્રકારના જીવ જાય છેઃચૌરાશી લાખ યોનિઓમાં જનારાઃ જીવ પોતાના પાપ કર્મો પ્રમાણે પશુ પક્ષી કીટ પતંગ વગેરે ઉતરતી યોનિઓમાં જાય છે અને ત્યાં નિરંતર તે યોનિઓની યાતના ભોગવે છે.યોગભ્રષ્ટ તો એક સ્થળ ઉપર જ ઘણા વખત સુધી રહે છે પરંતુ પાપ કર્મ કરનારની નીચ યોનિઓ બદલતી રહે છે.

શ્રીમદ્ ભગવદગીતામાં ભગવાન કહે છે કેઃ"તે દ્વેષ કરનારા,ક્રૂર સ્વભાવવાળા અને નરાધમોને, પાપાચારીઓને હું સંસારમાં વારંવાર આસુરી યોનિઓમાં જ નાખું છું."(ગીતાઃ૧૬/૧૯) નરકોમાં રહેવાવાળા અને પશુ પક્ષી..વગેરે ચૌરાશી લાખ યોનિઓ પોતાનાં પૂર્વ કર્મોનું ફળ ભોગવીને શુધ્ધ થઈ રહ્યાં છે અને આ આસુરી મનુષ્યો અન્યાય-પાપ કરીને પશુ પક્ષી..વગેરેથી પણ નીચેની તરફ જઈ રહ્યા છે એટલા માટે તે લોકોનો સંગ બહુ જ ખરાબ કહ્યો છે.

નરકોમાં વાસ બહુ સારો છે પરંતુ વિધાતા અમોને દુષ્ટોનો સંગ કયારેય ના આપે કેમ કે નરકોના વાસથી તો પાપો નષ્ટ થઈને શુધ્ધિ આવે છે પરંતુ દુષ્ટોના સંગથી અશુધ્ધિ આવે છે,પાપો થાય છે,પાપનાં એવાં બીજ વાવવામાં આવે છે કે જે આગળ જતાં નરક તથા ચૌરાશી લાખ યોનિઓ ભોગવવા છતાં પણ પુરાં નષ્ટ થતાં નથી.

પ્રકૃતિના અંશ શરીરમાં રાગ અધિક હોવાથી આસુરી સંપત્તિ અધિક આવે છે કેમકે ભગવાને કામના (રાગ)ને તમામ પાપોનું કારણ બતાવી છે.તે કામના વધી જવાથી આસુરી સંપત્તિ વધતી જ જાય છે.જેવી રીતે ધનની અધિક કામના વધવાથી જૂઠ કપટ છળ વગેરે દોષો વધી જાય છે અને વૃત્તિઓમાં પણ અધિકમાં અધિક ધન કેવી રીતે મળે એવો લોભ વધી જાય છે પછી મનુષ્ય અનુચિત રીત-રસમોથી, છૂપાવીને, ચોરીથી ધન એકઠું કરવાની ઈચ્છાઓ કરે છે.આનાથી પણ અધિક લોભ વધી જાય તો મનુષ્ય લૂંટ કરવા લાગી જાય છે અને થોડા ધનના માટે મનુષ્યની હત્યા કરવામાં પણ અચકાતો નથી.તેનો સ્વાભાવ બગડતાં તેનું પતન થતું જાય છે અને અંતે કીટ-પતંગ વગેરે ક્ષુદ્ર યોનિઓ અને ઘોર નરકોની મહાન યાતના ભોગવવી પડે છે.

નરકોમાં જનારાઃજીવ પોતાના પાપ કર્મો મુજબ રૌરવ,કુંભીપાક..વગેરે ભયંકર નરકોમાં જાય છે અને ત્યાં તે નરકોની ભયંકર યાતના ભોગવે છે.ભગવાન શ્રીમદ્ ભગવદ્ ગીતામાં કહે છે પરમાત્માથી વિમુખ થયેલા મનુષ્યો જીવે ત્યાં સુધી અશાંતિ, બળતરા, સંતાપ વિગેરે ભોગવે છે અને આવી કામનાઓથી અનેક રીતે ભ્રમિત ચિત્તવાળા મોહરૂપી જાળમાં સારી રીતે ફસાયેલા તથા પદાર્થો અને ભોગોમાં અત્યંત આસક્ત રહેનારા મનુષ્યો ભયંકર નરકોમાં પડે છે.(ગીતાઃ૧૬/૧૬)

આસુરી મનુષ્યોનો એક નિશ્ચય ન હોવાથી તેઓના મનમાં અનેક જાતની ઈચ્છાઓ હોય છે અને તે પ્રત્યેક ઈચ્છાઓની પૂર્તિના માટે અનેક જાતના ઉપાયોના વિષયમાં તેઓનું અનેક જાતનું ચિંતન હોય છે, તેઓનું ચિત્ત કોઈ એક વાત પર સ્થિર રહેતું નથી પરંતુ અનેક જગ્યાએ ભટકતું રહે છે.

વસ્તુઓના સંગ્રહ કરવા અને તેનો ઉપભોગ કરવામાં તથા માન-મોટાઈ,સુખ-ભોગ વગેરેમાં તેઓ અત્યંત આસક્ત રહે છે.

મોહજાળથી ગ્રસ્ત લોકો માટે આ જન્મ જ નરક છે અને મર્યા બાદ તેઓને કુંભીપાક,મહારૌરવ..વગેરે સ્થાન વિશેષ નરકોની પ્રાપ્તિ થાય છે.નરકોમાં જવાવાળા પ્રાણીને યાતના શરીરની પ્રાપ્તિ થાય છે,તે યાતનાશરીરના ટૂકડે ટૂકડા કરી દેવામાં આવે,તેલમાં નાખીને ઉકાળવામાં આવે,આગમાં ફેકીને બાળવામાં આવે..તો પણ તે મરતું નથી,પ્રાણી જયાં સુધી પોતાનાં પાપકર્મોનું ફળ (દંડ)ના ભોગવી લે ત્યાંસુધી ભયંકર યાતના આપવા છતાં પણ તે શરીર મરતું નથી.

મધ્યગતિમાં છ પ્રકારના જીવ આવે છે.સ્વર્ગ વગેરે લોકોમાંથી આવેલા પ્રાણીઓ. જે લોકો સુખ ભોગવવાના ઉદેશ્યથી સ્વર્ગ વગેરે લોકોમાં ગયા છે તે પુણ્ય ક્ષીણ થતાં ફરીથી મનુષ્યલોકમાં આવીને જન્મી લે છે.આવા લોકોનાં આચરણો મોટાભાગે શુધ્ધ હોય છે એટલા માટે તેઓ ફરી શુભકર્મો કરીને સ્વર્ગ વગેરે લોકોમાં જાય છે અને પછી નીચે આવે છે.આ રીતે તેઓ વારંવાર આવતા જતા રહે છે.આવા લોકોમાંથી કેટલાકને સંસારમાંથી વૈરાગ્ય થઈ જાય છે ત્યારે તેઓ તત્વજ્ઞાન મેળવી મુક્ત થઈ જાય છે, ત્યારે તેઓ પણ સંસારબંધનથી મુક્ત થઈ ભગવદધામમાં ચાલ્યા જાય છે.

યોગભ્રષ્ટઃસાંસારીક વાસનાઓવાળા યોગભ્રષ્ટ મનુષ્ય સ્વર્ગ વગેરે લોકોમાં જઈને ફરી પાછા અહી શુધ્ધ શ્રીમાનોના ઘરમાં જન્મ લે છે અને સાંસારીક વાસનાથી રહિત યોગભ્રષ્ટ મનુષ્ય સ્વર્ગ વગેરેમાં ન જઈ સીધા અહી યોગીઓના કૂળમાં જન્મ લે છે,તે ભોગોની સૂક્ષ્મ વાસનાઓના લીધે અને શ્રીમાનોના ઘરમાં ભોગ-બાહુલ્યને લીધે ભોગોમાં આસક્ત થઈ જાય છે.આસક્ત થવા છતાં પણ તેમનો પૂર્વના મનુષ્ય જન્મમાં કરેલો અભ્યાસ તેમને પારમાર્થિક માર્ગમાં ખેંચી લાવે છે,તેઓ ફરી તત્પપરતાથી પ્રયત્ન કરીને પરમગતિને પામે છે. જે યોગભ્રષ્ટ મનુષ્ય યોગી,તત્વજ્ઞ,જીવનમુક્ત મહાપુરૂષના ઘરમાં જન્મે લે છે તેને ત્યાં પારમાર્થિક વાયુમંડળ,શિક્ષણ વગેરે મળવાથી તે બાળપણથી જ સાધનામાં જોડાય છે તથા તેને પહેલાં મનુષ્ય જન્મમાં કરેલી સાધનસામગ્રી પણ સ્વાભાવિક રીતે જ પ્રાપ્ત થાય છે એટલે તે ફરી પ્રયત્ન કરીને પરમાત્માને પ્રાપ્ત કરી લે છે.

ગીતામાં ભગવાન કહે છે કેઃ"હે કુરૂનંદન ! વૈરાગ્યવાન યોગભ્રષ્ટનો તત્વજ્ઞ યોગીઓના કૂળમાં જન્મ થાય છે,ત્યાં પહેલાંના મનુષ્યજન્મની સાધન સંપત્તિ અનાયાસે જ પ્રાપ્ત થાય છે પછી તેનાથી તે પહેલાં કરતાં પણ વધુ સાધન સિધ્ધિ માટે પ્રયત્ન કરે છે.તે શ્રીમંતોના ઘેર જન્મ લેનાર યોગભ્રષ્ટ મનુષ્ય ભોગોને પરવશ હોવાછતાં પણ તે પૂર્વજન્મના અભ્યાસના બળે જ ભગવાન તરફ આકર્ષાય છે કેમકે યોગ (સમતા)નો જિજ્ઞાસુ પણ વેદમાં કહેલાં સકામ કર્મોને ઓળંગી જાય છે પરંતુ જે યોગી પ્રયત્નપૂર્વક અભ્યાસ કરે છે અને જેના પાપો નષ્ટ થઈ ગયા છે તથા પાછલા અનેક જન્મોથી સિધ્ધ થયો છે તે યોગી પછી પરમગતિને પ્રાપ્ત થાય છે."(ગીતાઃ૬/૪૩-૪૪-૪૫)

પશુ-પક્ષી વગેરેની યોનિઓમાંથી આવેલ પ્રાણીઓ અને નરકમાંથી આવેલા પ્રાણીઓઃ પશુ-પક્ષી વગેરેની યોનિઓમાં તથા નરકોમાં ગયેલા પ્રાણીઓ કોઈકવાર ભગવાનની કૃપાથી પાછા મનુષ્ય લોકમાં આવી જાય છે.તેમને ભગવાન સંપૂર્ણ જન્મોનો અંત કરનાર આ મનુષ્ય શરીર આપી પુરેપુરી સ્વતંત્રતા બક્ષે છે.તે જે કંઈ ઈચ્છે તે કરી શકે છે અને ઈચ્છે ત્યાં જઈ શકે છે અથવા અશુભ(પાપ) કર્મ કરીને ચૌરાશી લાખ યોનિઓ તથા નરકમાં જઈ શકે છે અથવા વિવેક વિચાર વડે જડતાથી સબંધ તોડી મુક્ત થઈ શકે છે અથવા નિષ્કામભાવપૂર્વક પોતાનાં કર્તવ્યકર્મનું પાલન કરી પરમાત્મા તત્વને પામી શકે છે અથવા ભગવાનની શરણાગતિ સ્વીકારી ભગવાનને પ્રાપ્ત થઈ શકે છે એટલું જ નહી ભગવાન પોતે તેનો સંસાર સાગરથી ઉધ્ધાર કરનાર બની જાય છે.આનો અર્થ એ છે થયો કે મનુષ્ય જન્મમાં જેટલા પણ જીવ આવે છે તે બધા પોતાનો ઉધ્ધાર કે પતન કરવામાં સ્વતંત્ર છે,પરતંત્ર નથી.

ભગવતપ્રાપ્ત મહાપુરૂષઃ જે જીવ ભગવાનને જાણીને ભગવાનને પ્રાપ્ત થઈ ગયા છે તે બધા પોતાનો ઉધ્ધાર કરવા માટે કારકપુરૂષના રૂપમાં આ મનુષ્ય લોકમાં આવે છે,તેમનો મનુષ્યલોકમાં જન્મ લેવો એ કર્મોને પરવશ નથી.

તેઓ સ્વંય શ્રેષ્ઠ આચરણ કરી લોકોને સારાં કર્મોમાં જોડે છે અથવા પોતાનાં વચનો વડે લોકોને સાચો માર્ગ બતાવે છે.આ રીતે પોતાનું કાર્ય પુરૂં કરી તેઓ ફરી ભગવાનની પાસે ચાલ્યા જાય છે.

ભગવાનના નિત્ય પરિકરઃ(પાર્ષદો) જયારે ભગવાન સાધુ પુરૂષોની રક્ષા,દુષ્ટોનો વિનાશ અને ધર્મની સ્થાપના કરવા માટે મનુષ્યલોકમાં આવે છે ત્યારે ભગવદધામમાં રહેવાવાળા ભગવાનના નિત્ય પરિકરો (પાર્ષદો) પણ ભગવાનની સાથે જ તેમના મિત્ર વગેરેના રૂપમાં આ મનુષ્યલોકમાં આવે છે.તે અહી ભગવાનની સાથે જ રહે છે.ખાય છે પીવે છે રમે છે તેમને સુખ આપે છે.જયારે ભગવાન પોતાના અવતારની લીલા પુરી સ્વધામ જાય છે ત્યારે તે પાર્ષદો પણ શરીર છોડી તેમની સાથે ભગવદધામમાં ચાલ્યા જાય છે.

વિનોદભાઈ માછી નિરંકારી
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

## ઈરાન ફરી ભળકે બળ્યું

### પોલીસ કમાન્ડરે બળાત્કાર કર્યો, ફાયરિંગમાં ૩૬ પ્રદર્શનકારીઓના મોત નિપજયાં

ચાબહાર,તા.૧

ઈરાનમાં પોલીસ કસ્ટડીમાં ૨૨ વર્ષીય મહસા અમીનીના મોત બાદ વિરોધનો દોર હજુ પૂરો થયો ન હતો કે વધુ એક કિસ્સો સામે આવ્યો. શુક્રવારે જેહદાન શહેરમાં ૧૫ વર્ષની બલૂચ સગીરા સાથે બળાત્કારના વિરોધમાં પ્રદર્શન કરવામાં આવ્યા. તેને રોકવા પોલીસે ફાયરિંગ કરી. ૩૬ લોકોની મોત થયાની માહિતી મળી રહી છે. શુક્રવારની નમાજ પછી લોકો રસ્તા પર ઉતરી આવ્યા અને સુત્રોચ્ચાર કર્યા. ત્યારબાદ પોલીસે ગોળીબાર કર્યો.

ગયા અઠવાડિયે એક પોલીસ કમાન્ડર પર ૧૫ વર્ષની સગીરા સાથે બળાત્કાર કર્યાનો આરોપ લાગ્યો છે. ઈરાનના પ્રમુખ સુન્ની ધર્મગુરુ મૌલવી અબ્દુલ હમીદે સગીરા સાથે બળાત્કાર થયાની પુષ્ટિ કરી હતી. ઈરાનના દક્ષિણ-પૂર્વ સિસ્તાન અને બલૂચિસ્તાન પ્રાંતોમાં સુન્ની બલોચ વસ્તી રહે છે. આરોપી કમાન્ડરનું નામ કર્નલ ઈબ્રાહિમ ખુચકઝાઈ છે. શુક્રવારે બલૂચ સમુદાયના નેતાઓએ આ ઘટનાના વિરોધમાં આહ્વાન કર્યું હતું.પ્રદર્શન દરમિયાન લોકો અને પોલીસ વચ્ચે અથડામણ થઈ હતી. પોલીસે ફાયરિંગ કરી અને ૩૬ લોકોની મોત થઈ. મીડિયા રિપોર્ટ અનુસાર, જેહદાન શહેરનો મોટાભાગનો વિસ્તાર પ્રદર્શનકારીઓના નિયંત્રણમાં છે. પોલીસ સ્ટેશન અને ગાડીઓમાં આગ લગાવવામાં આવી હતી.

ચાબહારમાં પોલીસ કમાન્ડર કર્નલ ઈબ્રાહિમ ખુચકઝાઈ હત્યાના કેસની તપાસ કરી રહ્યા હતા. પીડિતા હત્યા થયેલી મહિલાની પાડોશીની દિકરી છે. કમાન્ડરે સગીરાને પૂછપરછ માટે સ્ટેશને બોલાવી અને ત્યાં બળાત્કાર કર્યો. ઈરાની મીડિયા રિપોર્ટ અનુસાર, ઘટના ૧ સપ્ટેમ્બરની છે. સગીરાએ ઘરે પહોંચી પોતાની માતા સાથે આ વિશે વાત કરી. મામલાને દબાવવા માટે, સુરક્ષા દળોએ પીડિતાના ત્રણ સંબંધીઓનું અપહરણ કર્યું અને પીડિતાના પરિવારને બાળકીને કંઈ થયું નથી તેવું નિવેદન આપવા દબાણ કર્યું. પીડિતાના પરિવાર પર ફરિયાદ ન નોંધવા માટે પણ દબાણ કરવામાં આવ્યું હતું. જો કે, ભારે દબાણ હોવા છતાં, પીડિતાના પરિવારે બળાત્કારના આરોપો છોડ્યા ન હતા.

રિપોર્ટ્સ અનુસાર જેહદાન શહેરમાં હિંસા બાદ ઘણી આગચંપી થઈ હતી. પોલીસ સ્ટેશન અને કેટલાક વાહનોને પણ આગ ચાંપી દેવામાં આવી હતી. બલૂચિસ્તાન પાકિસ્તાન અને ઈરાન વચ્ચે વહેંચાયેલું છે.

બલૂચિસ્તાનનો પશ્ચિમી ભાગ ઈરાનમાં છે. તેને સિસ્તાન અને બલૂચિસ્તાન પ્રાંત કહેવામાં આવે છે. જો કે બલૂચની કુલ વસ્તી ૮૦ લાખથી વધુ છે, પરંતુ તેમાંથી મોટા ભાગના લોકો પાકિસ્તાનમાં રહે છે. ઈરાનમાં બલૂચ વસતિ લગભગ ૧૫ લાખ છે. પાકિસ્તાન અને ઈરાનમાં રહેનાર બલૂચ પોતાના માટે સ્વતંત્ર રાષ્ટ્રની લડાઈ લડી રહ્યા છે.

# રાતોરાત રાષ્ટ્રપિતા બદલાય છે!!!

" ગિરધરભાઇ. તમને ખબર છે?" રાજુએ મને પૂછયું.

"રાજુ. શેની વાત છે?" મેં રાજુને પૂછયું.

"આ રાતોરાત બદલાઇ ગયું. કોઇને ખબર ન પડી?" રાજુએ આશ્ચર્ય વ્યક્ત કર્યું.

"હા રાજુ. આનું કોઇ ગેઝેટ કરવાનું ન હોય?? આવો મોટો નિર્ણય ચોરી ચોરી ચૂપ કે ચુપકે થાય ખરો?" મેં અસમંજસમાં પૂછયું.

"આપણે અત્યાર સુધી આ વસ્તુ ગોખી નાંખી ." રાજુએ કહ્યું.

"ગિરધરભાઇ. રશિયાના પ્રમુખ સામે બળવાના વાદળો ઘેરાઈ જાય અને કોઇને ખબર ન પડે એવું બને??" રાજુ પણ કન્ફયુઝનમાં હતો.

" રાજુ. ફ્રાન્સે પણ રશિયાએ યુક્રેન પર હુમલો કર્યો તેને વખોડી કાઢ્યો." મેં કહ્યું.

" આ પ્રકારના ફેરફાર કરવાથી પરિવારજનોને કેટલો આઘાત લાગે? આ બાબતનો પણ વિચાર નહીં કરવાનો??" રાજુએ કહ્યું.

" આઝાદીના અમૃત મહોત્સવ કાળે આ નિર્ણય થયો એ ઉજવણીની મોટી ઉપલબ્ધિ ગણી શકાય." મેં હરખ કર્યો.

" ગઇ કાલે નિર્ણય થયો ત્યાં સુધી કોઇને ખબર પણ ન પડી . સરકારમાં કોઇ નિર્ણય ગુપ્ત રહેતા નથી. અધિકારીની બદલી થાય તે પહેલાં બદલીનું લિસ્ટ ગામમાં ફરવા માંડે છે."બદલીના લિસ્ટ હું લિક કરતો હોઉં તેમ મારા પર શંકા કરી .

"રાજુ જે થયું એ ખરૂ કે ખોટું એ સવાલ અસ્થાને છે. પણ નવાગંતુકને પ્રજા નવા બિરૂદ સાથે સ્વીકારશે?? અમને નવા અવતાર તરીકે ઘોષિત કરનારની વિશ્વસનિયતા શું? તેની અસરો શું એ પણ વિચારવા જવું છે." મેં કેટલાક પાયાના સવાલો કર્યા.

" ગિરઘરભાઇ. વરસો પહેલાં સ્ત્રીઓ તેના કામકાજમાંથી નિવૃત થઇ સુખ શાંતિ લઇ શકતી નથી. મહિલાઓના જીવનના અંતકાળ સુધી કામનો ઢસરડો છૂટતો નથી તેની વાચા આપતું એક નાટક આવેલું હતું. જેનું નામ 'બા રિટાયર થાય છે' એવું હતું. " રાજુએ કહ્યું.

" આપણા કેસમાં પુરોગામીએ નિવૃતિની માંગણી કરી હશે???" મે રાજુને પૂછયું

હું અને રાજુ રદી એક અગતિયા મસલા પર બુધ્ધિજીવીની માફક ચર્ચા - વિચારણા -મસલતો - પરામર્શ- મનોમંથન કરતા હતા. સાલ્લું ગઇ કાલે અનારકલીની જેમ દિવાલમાં ચણાઇ જવાય તેવી ઘટના બની. હું અને રાજુ સાચા ગાંધી ( ગાંધી અનુયાયી વાસ્તવમાં ગાંધી નહીં પણ ગાદી અનુયાયી હોય છે. વિરક્તિ કે અપરિગ્રહની અફીણ જેવી વાતોના વડા કરતાં લોકોને ગાંધીછાપ નોટો ગજવે ઘાલવાનો પિશાચી આનંદ આવે છે. પંચોતેર વરસથી આપણા હદયમાં નિવાસ કરતા મહાત્મા ગાંધીજી નિર્વિવાદ અને નિર્વિકલ્પપણે ફાધર ઓફ નેશન એટલે રાષ્ટ્રપિતાનો દરજ્જો એકહથ્થુ રીતે ભોગવતા હતા. ગઇ કાલે . હા ગઇ કાલે ઈમામોના વડા ઉંમરે ઈલિયાસે ભાગવત સાહેબને રાષ્ટ્રપિતા જાહેર કરી દીધા છે. કેમ કે તેમણે લઘુમતીઓનું ડીએનએ બહુમતીનું છે. પાંચ પેઢીએ લઘુમતીએ બહુમતી હતા. લઘુમતી રાષ્ટ્રવાદનાદી છે તેમ પણ કહ્યું હતું!!!.અગાઉના રાષ્ટ્રપિતાનો દરજ્જો સ્માપ્ત કરવામાં આવ્યો નથી.જેના લીધે એક લાંછનનું નિર્માણ થશે.આપણા દરેક નાગરિકો બે બાપના કહેવાશે, જે ગાળ ગણાય છે. વિદ્વાનો, તજજ્ઞો, સાધુઓ, મૌલવીઓ, નેતાઓને આ દુવિધાનો અંત લાવવા પ્રાર્થના છે. જય હો રાષ્ટ્રપિતાનો!!

ભરત વૈષ્ણવ
૨૩.૯.૨૦૨૨.

(આ એક હાસ્યલેખ છે. જેમાં કોઇ પર પ્રહાર કરવાનો ઈરાદો નથી. બંધબેસતી પાઘડી કૃપા કરીને પહેરવી નહીં.)

ગાંધી ચિંધ્યા માર્ગે
દરેક ગામે બન્યા છે સેંકડો ગાંધી માર્ગ,
ભલા કોઇ ચાલે છે ?ગાંધી ચિંધ્યા માર્ગે.
એક ગાલે મારે તો બીજો ગાલ ધરવો,
બીજો ગાલ ધરે છે ?ગાંધી ચિંધ્યા માર્ગે.
વૈષ્ણવજન તો પરધન ઝટ હાથ ઝાલે નહી!
કોઇ પરધન છોડે છે?ગાંધી ચિંધ્યા માર્ગે.
ગાંધીછાપ નોટોના દલદલમાં ખુપ્યા છો,
અપરિગ્રહવ્રત પાળે છે ?ગાંધી ચિંધ્યા માર્ગે.
વૈષ્ણવજન વાંચ કાચ્છ મન નિશ્ચલ રાખે,
મન નિશ્ચલ રાખે છે ?ગાંધી ચિંધ્યા માર્ગે.
જો ધાર્યું હોત તો દેશના પ્રધાનમંત્રી બન્યા હોત,
કોઇ સતાગોળી છોડે છે ?ગાંધી ચિંધ્યા માર્ગે.
અહિંસાના બ્રહ્માસ્ત્રથી દેશને આઝાદી અપાવી ,
સ્વપ્નમાં હિંસા છોડી છે ?ગાંધી ચિંધ્યા માર્ગે.
ભરત વૈષ્ણવ
૦૧.૧૦.૨૦૨૧.#કવિતા

## ભારત સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં રશિયા વિરુદ્ધ લાવવામાં આવેલા પ્રસ્તાવ પર વોટિંગથી દૂર રહ્યુ

ન્યુયોર્ક,તા.૧

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં અમેરિકા અને અલ્બાનિયા દ્વારા એક પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો. જેમાં રશિયાના ગેરકાયદે લોકમત અને યુક્રેનિયન પ્રદેશો પર તેના કબજાની નિંદા કરવામાં આવી હતી. આ પ્રસ્તાવમાં માગ કરવામાં આવી હતી કે રશિયા પોતાના સૈનિકોને યુક્રેનમાંથી પાછા બોલાવી લે. આ માટે યુએનએસસીમાં વોટિંગ પણ થયુ પરંતુ ભારતે આનાથી અંતર રાખ્યુ. ભારતની સાથે-સાથે ચીને પણ વોટિંગ કર્યુ નહીં અને રશિયાનો સાથ આપ્યો. ભારતે હજુ સુધી યુક્રેનમાં સંઘર્ષને રશિયન આક્રમણ કહ્યુ નથી.

સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદના ૧૫ દેશોએ આ પ્રસ્તાવ પર મતદાન કરવાનુ હતુ પરંતુ રશિયાએ આની સામે વીટોનો ઉપયોગ કરી દીધો. આ કારણ પ્રસ્તાવ પસાર થઈ શક્યો નહીં. આ પ્રસ્તાવના સમર્થનમાં ૧૦ દેશોએ મતદાન કર્યુ અને ચાર દેશ મતદાનમાં સામેલ થયા નહીં. સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે ગુરુવારે કહ્યુ કે ધમકી કે બળ પ્રયોગથી કોઈ દેશ દ્વારા કોઈ અન્ય દેશના વિસ્તારો પર કબ્જો કરવો સંયુક્ત રાષ્ટ્ર ચાર્ટર અને આંતરરાષ્ટ્રીય કાયદાના સિદ્ધાંતોનુ ઉલ્લંઘન છે.સંયુક્ત રાજ્ય અમેરિકા અને અલ્બાનિયા દ્વારા લાવવામાં આવેલા પ્રસ્તાવ પર યુએનએસસીમાં ભારતનો પક્ષ રાખતા સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી પ્રતિનિધિ રુચિરા કંબોજે શાંતિ, કૂટનીતિ અને સંવાદની વાત કહી. તેમણે કહ્યુ કે યુક્રેનમાં તાજેતરના ઘટનાક્રમથી ભારત ખૂબ પરેશાન છે. બાદમાં તેમણે કહ્યુ કે સ્થિતિની સમગ્રતાને જોતા ભારત મતદાનથી દૂર રહ્યુ. અમે હંમેશા એ વાતની વકાલત કરી છે કે માનવ જીવનની કિંમત પર ક્યારેય કોઈ સમાધાન કાઢી ના શકાય. અમે આગ્રહ કરીએ છીએ કે હિંસા અને શત્રુતાને તાત્કાલિક પૂરુ કરવા માટે સંબંધિત પક્ષો દ્વારા તમામ પ્રયત્નો કરવા આવે.

# શું ગુજરાત સરકાર ના ડબલ એન્જિન સરકારનું એક એન્જીન ફેઈલ ગયું છે ? હવે દિલ્હીનો નાથ ગુજરાત ને તારશે !!!

**ગુજરાતમાં હાલ વિધાનસભા ૨૦૨૨ ની ચૂંટણી નું રણશીંગુ ફૂંકાવાની તૈયારીમાં છે. નવરાત્રી બાદ ના પખવાડિયામાં ચૂંટણી અંગે જાહેરનામું ગમે ત્યારે બહાર પડી શકે તેમ ચર્ચાઈ રહ્યું છે.**



ગાંધીનગર,,

ત્યારે આમ આદમી પાર્ટી એતો અગાઉથી જ પાણી પહેલા પાળ અને કાચબા ગતિથી ધીમે ધીમે લોકસંપર્ક શરૂ કરી દીધો છે અને કેજરીવાલ ગેરંટી કાર્ડ નું રજીસ્ટ્રેશન અને વિતરણ પણ શરૂ કરી પોતાના વિસ્તારમાં મજબૂત પકડ જમાવવા અને લોકચાહના મેળવવા ગરીબ, સામાન્ય-મધ્યમ વર્ગને સ્પર્શ કરતા મુદ્દા અને સમસ્યાઓ આધારીત રાજનીતિ અપનાવી રહ્યા છે. ગુજરાતમાં પ્રથમ વખત ત્રીજા પક્ષ તરીકે આમ આદમી પાર્ટી વિધાનસભા ની તમામ ૧૮૨ બેઠકો પર ચૂંટણી લડવા ઉમેદવારોની પસંદગી ની તૈયારી શરૂ કરી દીધી છે. કેટલાક જિલ્લામાં ઉમેદવાર ના નામ પણ જાહેર કરી દીધા છે જે સૂચવે છે કે આમ આદમી પાર્ટીના કાર્યકરોમાં જાહેર કરાયેલા ઉમેદવારો વિશે સ્થાનિક સંગઠનો,અન્ય આગેવાનો કે નેતાઓને કોઈ પણ જાતનો વાંધો વિરોધ નથી.

જ્યારે કોંગ્રેસ પક્ષ ચૂંટણી આવતા જ એક્ટિવ થઈ ચૂકી છે અને પ્રદેશ મુખ્યાલયે ઉપરાછાપરી મિટિંગો બોલાવી રહી છે. જેમાં રાહુલ ગાંધી ની ભારત જોડો યાત્રા એ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ માં થોડા પ્રાણ ફૂંકયા હોય એવું લાગી રહ્યું છે. જેનું સંજ્ઞાન લઈ પ્રદેશ કોંગ્રેસે મારુ બુથ મારુ ગૌરવ કાર્યક્રમ શરૂ કરી લોકસંપર્ક શરૂ કરી પ્રજાનો વિશ્વાસ જીતવા પ્રયત્ન શરૂ કરી દીધો છે. મોંઘવારી, વિવિધ સરકારી કર્મચારીઓ ના આંદોલનો, ડ્રગ્સ અને દારૂના વિષયોના મુદ્દા લઈ પ્રજા પાસે જઈ રહી છે.

ત્યારે ગુજરાતમાં છેલ્લા ૨૭ વર્ષથી એકહથ્થું શાસન કરતી ભારતીય જનતા પાર્ટી આજે પ્રજાનો વિશ્વાસ ફરી જીતવા ઝઝૂમી રહી છે કેમકે છેલ્લા ઘણાં સમયથી પેટ્રોલ-ડીઝલ, રાંધણ ગેસ, મોંઘવારી, બેરોજગારી, શિક્ષણ, આરોગ્ય ને લગતા તેમજ પાયાના વિકાસના કામો અંગે પ્રજાની વેદના સાંભળવામાં અને ઉકેલવામાં સદંતર નિષ્ફળ સાબિત થઈ છે. ખાસ કરીને મહાનગરપાલિકા તેમજ નગરપાલિકા વિસ્તારમાં પ્રાથમિક સુવિધાઓ ના પ્રશ્ને પ્રજા ઠેરઠેર સરકાર પર માછલાં ધોતા અને સખત આલોચના કરતી જોવા મળી છે.બીજી બાજુ ગાંધીનગર ખાતે આરોગ્ય વિભાગ, એલ. આર. ડી., વી. સી. ઈ. વગેરે જેવા અનેક સરકારી કર્મચારી ઓના અટકેલા પડતર પ્રશ્નો અંગે આંદોલનો અને ઉપવાસ અને શહેરોની મહાનગરપાલિકા અને નગરપાલિકા વિસ્તારમાં ચોમાસા દરમિયાન તૂટેલા રોડરસ્તા, ગટરના પાણીના નિકાલ,ગંદકી, જાહેર પ્રાથમિક સુવિધાઓ માં વ્યાપક પ્રમાણમાં ભ્રષ્ટાચાર,ખાનગી શાળાઓની ઊંચી ફી વગેરે મુદ્દે ભીંસમાં ફસાઈ ચુકી છે. જેને લઈને ડબલ એન્જિન સરકાર એટલે કે કેન્દ્ર અને રાજય સરકારને સાથે મળીને લોક રોષ ઠારવા ખુદ પ્રધાનમંત્રી, ગૃહમંત્રી શ્રીને રૂબરૂ હાજર રહી વિવિધ પ્રકારના વિકાસલક્ષી કાર્યક્રમો નું ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવાની ફરજ પડી રહી છે.જે સૂચવે છે કે ગુજરાતમાં ભલે ભાજપ સરકાર ૨૭ વર્ષથી શાસન કરી રહી છે પરંતુ નરેન્દ્રભાઈ મોદી અને અમિતભાઈ શાહ ના દિલ્હી ગયા બાદ ‘ દિવા પાછળ અંધારુ’ કહેવત સાર્થક કરતા સ્થાનિક પ્રદેશના નેતાઓ ગુજરાત ની જનતાનો વિશ્વાસ અકબંધ રાખી શકવામાં નિષ્ફળ સાબિત થયા છે. ભા.જ .પ.માં સ્થાનિક સરકારી અધિકારીઓ પાસેથી વિકાસના કામો લેવાની અણઆવડત,સંકલન અને નિયંત્રણ નો અભાવ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને ગૃહમંત્રી અમિતભાઈ શાહને વારંવાર દિલ્હી થી ગુજરાત ખેંચી લાવે છે. આ વિષય માં ખાસ કરીને મહાનગરપાલિકા-નગરપાલિકા સામાન્ય માણસોની માત્ર પ્રાથમિક સુવિધાઓ ની ફરિયાદો, તકલીફો, સમસ્યાઓ સમજવામાં અને તેનો કાયમી ઉકેલ લાવી શકી નથી અને તેથી જ આજે ખુદ પ્રધાનમંત્રી તેમજ ગૃહમંત્રીને જ પોતાના હોમટાઉન માં ગુજરાત સરકારના નેતાઓએ પાડેલા ગાબડા પુરવા આશરે ૫૦,૦૦૦ કરોડથી વધુ ની વિવિધ પ્રકારની યોજનાઓ લઈ ભારે ભીડ ભેગી કરી ને ફરી ‘ ગુજરાતમાં મોદી ’ જ ચાલશે તેમ સાબિત કરવાની જરૂરિયાત ઉભી થઈ હોવાનું સ્પષ્ટ જણાઈ રહ્યું હતું અને સરવાળે એમ પણ કહી શકાય કે આજે પણ ગુજરાત ના વિકાસના ગ્રોથ એન્જીન નું રિમોટ કંટ્રોલ પ્રધાનમંત્રીના હાથમાં જ છે.

જોકે ગુજરાત પ્રત્યે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી ની લાગણી હંમેશા કૂણી રહી છે અને ગુજરાતને સમગ્ર ભારતનું ગ્રોથ એન્જીન તરીકે સ્થાપિત કરવાના તેમના સતત પ્રયાસો સફળ પણ રહ્યા છે અને એટલેજ પ્રધાનમંત્રી જ્યારે જ્યારે પણ ગુજરાતમાં આવ્યા છે ત્યારે પોતાના માદરે વતન ગુજરાત ને વિકાસને લગતી કૈક ને કૈક અનમોલ ભેટ જરૂર આપી છે. કહેવાય છે કે ‘ મોસાળમાં જમણ હોય ને માં પીરસનાર હોય’ તે હકીકત પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી એ ઘણી વાર સાબિત કરી આપી છે.જોકે હજુ ચૂંટણીને બે-ત્રણ માસની વાર છે ત્યારે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના વાયદાઓ એટલેકે મેનિફેસ્ટોમાં ગુજરાત ની જનતાનો વિશ્વાસ જીતવાની સ્પર્ધામાં કોણ બાજી મારી જાય છે તે જોવું રહ્યું !!!




વિરમગામ નગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નગરપાલિકા વિસ્તારમાં કુલ ૫૬૮ મકાન સહાયની અરજી મંજૂર કરવામાં આવી હતી. વિરમગામ નગરપાલિકા વિસ્તારમાં પાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ જુના મકાન કે પ્લોટ ધારકોને યોજનાના લાભાર્થીઓને મકાન સહાય યોજના નો લાભ મળ્યો હતો. જેમાંથી આશરે ૨૭૨ મકાનના કાર્ય પૂર્ણ થયા હતા અને ૨૯૬ મકાનના કામો પ્રગતિ માં છે. આ અંગે વિરમગામ નગરપાલિકા વિસ્તારમાં કુલ ૨૦ કરોડ રૂપિયાની મકાન સહાય ફાળવવામાં આવી હતી.

## સુરતમાં નવરાત્રી મહોત્સવ રાસમાં ખેલૈયાઓએ રંગ જમાવ્યો



સુરત,

આધશક્તિ માં જગદંબાના નવલાં નોરતાંનુ અનેરૂં મહત્વ છે ત્યારે હાલ નવરાત્રી મહોત્સવની શરૂઆત થઈ છે ત્યારે ખેલૈયા મન મુકી રાસ ગરબાની રમઝટ બોલાવી રહ્યા છે સુરત વનમાળી પાર્ક ખાતે નવરાત્રી મહોત્સવની ઉજવણી ભારે

ઉત્સાહભેર કરવામાં આવે છે આસ્થાનું અનેરૂં પર્વ એટલે જગતજનની માં આંબાની ભક્તિ અને શક્તિનું પર્વ શરૂ થયું છે ત્યારે માતાજીની છબીની સ્થાપના કરવામાં આવી હતી સમુહ આરતી કરીને ખેલૈયા મન મુકી રાસ ગરબાની રમઝટ બોલાવી હતી.

## સુખલાલ વેલજી ફાઉન્ડેશન દવારા આયોજિત અમદાવાદ મા સૌ પ્રથમ વખત નિ શુલ્ક નવરાત્રી મહોત્સવ




અમદાવાદ,

અમદાવાદ ખાતે છેલ્લા ચાર વર્ષ થી વૃદ્ધાશ્રમો મા વિવિધ સહયોગ આપી વિવિધ કાયઁ કરે છે તેમજ મહિલાઓ ના સશક્તિકરણ માટે કાર્ય કરી રહી છે સંસ્થા ના મેનેજિંગ ટ્રસ્ટી શ્રી નિરવ ગજ્જરે જણાવ્યુ હતુ કે અમારી સંસ્થા મહિલા સશક્તિકરણ ના ભાગ રૂપે કોલેજ મા ભણતી યુવતી ઓને સેલ્ફ ડિફેન્સ ની તાલીમ આપવા નુ કાયઁ કરે છે. હાલ સંસ્થા સંસ્કૃત, ધમઁ અને શિક્ષણ અભિયાન ની શરૂઆત કરેલ છે. તેમજ સમાજ ના વિવિધ લોકો ના લાભાથે અમદાવાદ મા સૌ પ્રથમ વખત એસ.જી.હાઈવે મિલન ફામઁ વૈષ્ણવદેવી સર્કલ સરદાર પટેલ રીંગ રોડ ખાતે નિ:શુલ્ક નવરાત્રી નુ આયોજન કરવા મા આવ્યુ છે .આ સામાજિક સેવાના કાયઁ મા વેપારીઓ નામાકિત કંપનીઓ તેમજ શુભેચ્છકો ના સહયોગ માટે સંસ્થા એ આભાર વ્યક્ત કયો હતો. વધુ મા જણાવ્યુ હતુ કે અમુક અસામાજિક તત્વો સંસ્થા ને બદનામ કરવા નિ:શુલ્ક પાસ હોવા છતાં પણ જાહેર જનતા ને વેચાણ કરતા હોવા થી લોકો ને હાર્દિક અપીલ કરે છે કે કોઇ પણ વ્યક્તિ એ બહાર થી પૈસા થી પાસ ખરીદવા નહી પાસ લેવા માટે સીધો સંસ્થા નો સંપર્ક કરી શકો છો તેમજ પાસ વગર કોઈ પણ ને ગરબા ગાવા પ્લોટ માં દાખલ થવા દેવામાં આવશે નહિ.

## અંગત અદાવતમાં યુવકની કરપીણ હત્યા, તીક્ષ્ણ હથિયારો વડે ઘા મારી મોતને ઘાટ ઉતારી દીધો

સુરત,તા.૧

શહેરમાં ગુનાખોરીની ઘટનાઓ દિવસેને દિવસે વધી રહી છે. તેમાં પણ હત્યા જેવી ગંભીર ઘટનાઓ સતત સામે આવી રહી છે. આવી જ એક ઘટના ગતરોજ રાત્રે બની હતી. જેમાં જુના ઝઘડાની અદાવતમાં ખૂની ખેલને અંજામ આપવામાં આવ્યો હતો. યુવક અને તેના મિત્રો બેઠા હતા ત્યારે ઝઘડાની અદાવત રાખી કેટલાંક ઈસમો ઘાતક હથિયારો સાથે આવ્યા હતા. જોકે બેઠેલા તમામ લોકો ભાગી ચૂક્યા હતા પણ રોહિત નામના એક યુવકની બાઈક સ્લીપ થઈ જતા તે હાથમાં આવી જતાં, દસ લોકોએ ભેગા થઈ તેના પર તીક્ષ્ણ હથિયારો વડે હુમલો કરતા તેને ગંભીર ઈજા પહોંચી હતી અને તેનું કરૂણ મોત નિપજ્યું હતું.

સિલ્ક સીટી, ડાયમંડ સિટી, અને બ્રીજ સીટી તરીકે ઓળખાતું સુરત હવે ક્રાઈમ સિટી તરીકે પણ ઓળખાવા લાગ્યું છે તેની પાછળ સુરત પોલીસની નિષ્ક્રિયતા જવાબદાર છે. સુરત પોલીસ ગુનાખોરી ડામવાની માત્ર વાતો જ કરે છે. આ વચ્ચે અવારનવાર હત્યાની ઘટનાઓ સામે આવે છે ત્યારે સુરતના ગોડાદરા વિસ્તારમાં ગત મોડી રાત્રે રોહિત નામના યુવકની હત્યાની ઘટના સામે આવતા ચકચાર મચી જવા પામી હતી.

રોહિત રાજપૂત તેના ૬ જેટલા મિત્રો સાથે ઘર નજીક બેસેલો હતો ત્યારે જૂના ઝઘડાની અદાવતમાં મિલન નામનો વ્યક્તિ પોતાની સાથે આઠથી દસ લોકોને લઈને આવ્યો હતો. તેમની પાસે કેટલાંક ઘાતક હથિયારો પણ હતા. જૂના ઝઘડાની અદાવતને લઈને તે હુમલો કરે તે પહેલા જ રોહિત સાથે બેઠેલા તમામ લોકો ભાગી ચુક્યા હતા. જ્યારે રોહિતનું બાઈક સ્લીપ થઈ જતા તે આ ઈસમોના હાથમાં આવી ગયો હતો. આ ઈસમો દ્વારા તેના પર ઘાતક હથિયારો વડે હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડવામાં આવી હતી. જેના પગલે તેનું મોત નિપજ્યું હતું. જોકે ઘટનાની જાણ થતા સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ ફેલાઈ જવા પામ્યો હતો. ઘટનાની જાણ થતા પોલીસ પર તાત્કાલિક ઘટના સ્થળે દોડી આવી હતી.

## ગ્લોબલ કન્ફેડરેશન ઓફ કાઉ બેઝ્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા યોજાશે કામધેનું દીપાવલી પ્રશિક્ષણ વેબિનાર

### ગોબરનાં દીવા, ધૂપબતી, લક્ષ્મી, ગણેશની મૂર્તિ બનાવતા શીખો



કરોડો દેવી–દેવતાઓનો નિવાસ ધરાવતી ગૌમાતાના ગોબરમાંથી બનેલ ૧૦૧ કરોડ દિવા પ્રગટે તે માટે કામધેનુ દિપાવલી અભિયાનનાં મંગલાચરણ સતત ત્રીજા વર્ષે કરવામાં આવ્યું છે. આ અભિયાન અંગે સૌને માહિતી મળે, સૌના મહત્વપૂર્ણ સૂચનો પ્રાપ્ત થાય તેમજ ગૌ માતાનું રક્ષણ થાય તેવા પવિત્ર સંકલ્પથી ‘કામધેનુ દિપાવલી અભિયાન‘ અંતર્ગત વેબીનારનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં પ્રશિક્ષક રાજ સિંહ દ્વારા ગાયોનું આપના જીવનમાં કેટલી ઉપયોગી છે. ગૌ સેવાના માધ્યમથી ગ્રામ વિકાસ, ગૌ પાલકોને સમૃદ્ધ કરવાના, મહિલા–યુવાનોને રોજગાર, આત્મ નિર્ભર ભારત, વોકલ ફોર લોકલ, પર્યાવરણ રક્ષા જેવા કાર્યો સરળતાથી થઇ શકે છે. તેમજ દેશના આર્થિક વિકાસ માટે ગાયો થકી દેશની આર્થિક વૃદ્ધિ થઇ શકે છે.

ગાયનાં દૂધ, ગોબર અને ગૌમૂત્ર, માટે વ્યક્તિના સ્વાસ્થ્ય માટે ખૂબ જ ઉપયોગી છે. તે વિષે માર્ગદર્શન આપશે. આ વેબીનારમાં ગોબરનાં દીવા, ધૂપબતી, લક્ષ્મી, ગણેશની મૂર્તિ કેવી રીતે બનાવી શકાય તે અંગે પ્રશિક્ષણ આપવામાં આવશે. ગ્લોબલ કન્ફેડરેશન ઓફ કાઉ બેઝ્ડ ઈન્ડસ્ટ્રી - જી.સી.સી.આઈ દ્વારા યોજાયેલ આ વેબીનારમાં અયોધ્યાનાં રાજ સિંહ પ્રશિક્ષકની ભૂમિકા અને જી.સી.સી.આઈનાં સ્થાપક તેમજ રાષ્ટ્રીય કામધેનું આયોગનાં પૂર્વ અધ્યક્ષ ડૉ. વલ્લભભાઇ કથીરિયા માર્ગદર્શકની ભૂમિકા ભજવશે. આ વેબિનાર ૨ ઓક્ટોબર રવિવારનાં રોજ સવારે ૧૨ વાગ્યે ગુગલ મીટ લિંક દ્વારા રૅજઃ//દ્વીં.ર્ખ્ક્ષ્ઊી.ર્ષ્દ્ઘ/રા-ર્દૂર-ૂૂઝ આયોજિત થશે. સૌને આ વેબિનારમાં જોડાઈને કામધેનું દીપાવલીનું શિક્ષણ મેળવવા અને ઈકો ફ્રેન્ડલી દિવાળી ઉજવવા મિત્તલ ખેતાણી (મો. ૯૮૨૪૨ ૨૧૯૯૯), પૂરીશ કુમાર (મો. ૮૮૫૩૫ ૮૪૭૧૫), અમિતાભ ભટ્ટનાગર (મો. ૬૩૦૯૫ ૬૮૮૮૮) દ્વારા અપીલ કરવામાં આવી છે.

## માતાએ લાડકવાયો, બે દિકરીઓએ પિતા, પત્નીએ પતિ અને બહેને ભાઈ ગુમાવ્યો



અમદાવાદ,૧

અમદાવાદમાં રસ્તે રખડતાં ઢોરનો ભોગ વધુ એક યુવક બન્યો છે. શહેરના નરોડા વિસ્તારમાં બાઈકસવાર યુવકને ઢોરે અડફેટે લીધો હતો. જેથી માથામાં ગંભીર ઈજા પહોંચતા યુવકને હોસ્પિટલ ખસેડાયો હતો. સારવાર દરમિયાન ભાવિન પટેલને બ્રેઈનમાં મલ્ટિપલ હેમરેજ હોવાનું સામે આવ્યુ હતું. ત્યારે હવે આ યુવકનું સારવાર દરમિયાન મોત થયું હોવાની વિગતો પ્રાપ્ત થઈ રહી છે. શહેરમાં રખડતા ઢોર સામે મહાપાલિકા લાચાર હોવાનું પણ સામે આવ્યું છે. હાઈકોર્ટની અનેક ફટકાર બાદ પણ AMC ઘોર નિંદ્રામાં છે. રસ્તે રખડતાં પશુઓને પાંજરે પૂરવાની કામગીરી ફક્ત કાગળ પર છે. ત્યારે છઝ્રની કથની અને કરનીની ફરી એકવાર પોલ ખુલી છે.એએમસીની બેદરકારીના કારણે જીવ ગુમાવનાર યુવકના પરિવારે AMCના જવાબદાર અધિકારીઓ સામે કાયદેસરની કાર્યવાહીની તજવીજ હાથ ધરી છે.

## વિરમગામ નગરપાલિકા દ્વારા કચરાના નિકાલ માટે અદ્યતન લેગેસી વેસ્ટ રિસાયકલ મશીનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું



વિરમગામ ,

વિરમગામ શહેરની મુખ્યત્વે ગટર અને ગંદકી સમસ્યા છેલ્લા ઘણા વર્ષોથી યથાવત છે. જેને પગલે વિરમગામ નગરપાલિકા દ્વારા શહેરના સાર્વજનિક સ્મશાન ગૃહ શિવ મહેલ સામે અને રૈયાપુર રોડ પાસે હયાત લેગેસી વેસ્ટ કચરા ના નિકાલ માટે કામગીરી શરૂ કરવામા આવી. શિવમહેલ સ્મશાન સામે ની જગ્યાએ એકત્ર કરાયેલ કચરાના નિકાલ માટે લેગેસી વેસ્ટ મશીનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. જે આ મશીન દ્વારા કચરામાંથી ઉપયોગી તત્વોને રિસાયકલ કરી ખેતી માટે જરૂરી ખાતર બનાવવા ઉપયોગ કરવામાં આવશે અને સાથે સાથે કચરાના ઢગલાં નો પણ નિકાલ આવશે.

## ગુજરાત રાજ્ય આશ્રમશાળા કર્મચારી સંઘ દ્વારા પડતર પ્રશ્નો અંગે ગાંધીનગર ખાતે ૨જી ઑક્ટોબર થી અનિશ્ચિતકાલીન ધરણાં કરાશે

### આ કાર્યક્રમમાં અમદાવાદ જિલ્લા આશ્રમશાળા કર્મચારી સંઘના કર્મચારીઓ પણ આ ધરણા કાર્યક્રમમાં મોટી સંખ્યામા જોડાશે

ગાંધીનગર,

રાજ્ય ભરમા આવેલ ૭૫૦ જેટલી આશ્રમશાળાઓના હજારો કર્મચારીઓની વર્ષો થી પડતર માંગણીઓ ના સંતોષાતા ૨જી ઑક્ટોબર થી ગાંધીનગર સત્યાગ્રહ છાવણી ખાતે અનિશ્ચિતકાલીન ધરણાં કરવાની ગુજરાત રાજ્ય આશ્રમશાળા કર્મચારી સંઘ દ્વારા એલાન કરવામાં આવ્યું છે. આ ધરણાનાં કાર્યક્રમ માં અમદાવાદ જિલ્લા આશ્રમશાળા કર્મચારી સંધના કર્મચારીઓ પણ મોટી સંખ્યામાં જોડાશે.

અત્રે ઉલ્લેખનીય છે કે રાજ્ય આશ્રમશાળા સંઘ દ્વારા કર્મચારીઓના પડતર પ્રશ્નો ને લઇ ૧૫ મી સપ્ટેમ્બર થી આંદોલન કરી રહ્યા છે જેમાં પ્રથમ ૧૫મી સપ્ટેમ્બરે દરેક જિલ્લાઓમાં કલેકટર કચેરી ખાતે રેલી અને આવેદનપત્ર આપ્યું હતું. ૧૬ થી ૧૮ સપ્ટેમ્બર દરમિયાન કાળી પટ્ટી ધારણ કરી ફરજ બજાવી હતી.. ત્યાર બાદ ૧૯મી એ માસ. સી. એલ ભોગવી હતી અને ૨૨મી સપ્ટેમ્બરે રાજ્ય ની દરેક જિલ્લા કલેકટર કચેરી એ પ્રતિક ધરણા યોજયા હતાં છતાં પણ આશ્રમશાળા કર્મચારીઓના પડતર પ્રશ્નો નુ નિરાકરણ ના થતાં હવે આશ્રમશાળા કર્મીઓ ગાંધીનગર તરફ કૂચ કરશે તેમ રાજ્ય આશ્રમશાળા કર્મચારી સંઘ ના પ્રમુખ યોગેશ પટેલ તેમજ અમદાવાદ જિલ્લા આશ્રમશાળા સંધના પ્રમુખ શ્રી. કીરણભાઈ પટેલ તથા મંત્રીશ્રી. પ્રહલાદભાઈ સોલંકીએ જણાવ્યું હતું..આશ્રમશાળા કર્મચારી ઓની ૧૮ માંગો છે જેમાં મુખ્યત્વે એસ.સી. અને બક્ષીપંચના કર્મચારીઓને સાતમા પગારપંચનો લાભ આપવો તથા ગૃહપતિ-ગૃહમાતાની જોગવાઈ, ૪૨૦૦/- ગ્રેડ પેના લાભો મુખ્ય માંગો છે.



## ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આજ રોજ ‘સેવા સેતુ’ નો કાર્યક્રમ યોજાયો

રાજ્ય સરકારશ્રી દ્વારા વહીવટમાં પારદર્શિતા વધે તેમજ પ્રજાની વ્યક્તિલક્ષી રજૂઆતોના ઉકેલની ઝડપ વધે તે હેતુથી ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આજ રોજ ‘સેવા સેતુ’ નો કાર્યક્રમ વોર્ડ નં -૧૧ના ઝુંડાલ ખાતે યોજાયો, જેમાં વિશેષ સેવા તરીકે આધારકાર્ડ, ફ્રી ડાયાબિટીસ ચેકઅપ, આયુર્વેદિક કેમ્પ તેમજ બેંક દ્વારા ઇ-પેમેન્ટની પણ જાણકારી ઉપરાંત અનેકવિધ સેવાઓનો નગરજનોએ બહોળી સંખ્યામાં લાભ લીધો.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.